ગાંધીનગર સમાચાર

ચ-૦ માર્ગ પર ઢોળાયેલી કપચી સિનિયર સિટીઝનોએ દુર કરી

# શહેરમાં ઠેર ઠેર ટ્રાફિકજામના દ્રશ્યો

ગાંધીનગર, તા.૯

વાયબ્રન્ટ સમિટને પગલે શહેરમાં ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. શહેરના ઘ અને ચ માર્ગ પર દિવસ-રાત ભારે ટ્રાફિક જામ થાય છે. નગરના મુખ્ય માર્ગો પરથી પસાર થવુ નાગરીકોને માથાના દુખાવા સમાન બની રહ્યુ છે. ગાંધીનગરમાં અમદાવાદ જેવા ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જયારે રાત્રીના સુમારે રોશની જોવા માટે હજ્જારો નાગરીકો મહાત્મા મંદિર થી વિધાનસભા સુધીના માર્ગો પર ફરતા હોવાથી ટ્રાફિક જામ થઈ જાય છે આ સમસ્યા અત્યારે હાલ શહેર બહાર પણ જોવા મળી રહી છે.

ભારતના પ્રધાનમંત્રી શહેરના મહેમાન બન્યા હોવાથી સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવાઈ છે. ત્યારે આજે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને અન્ય વીવીઆઈપી મહેમાનો મહાત્મા મંદિર તેમજ એકઝીબેશન હોલ તરફ જતા આવતા માર્ગો બંધ કરવામાં આવ્યા હતા. શહેરના ઘ-૪ થી ઘ-૫ વિસ્તારમાં ચક્કાજામના દ્રશ્યો જોવા મળ્યા હતા. પ્રધાનમંત્રી સહિત દેશવિદેશના મહાનુભાવોનું નગરમાં આગમન થયા બાદ સલામતી વ્યવસ્થા પણ ચુસ્ત કરી દેવાઈ છે ત્યારે શહેરના માર્ગો પર ટ્રાફિકનો પણ સતત ધમધમાટ જોવા મળી રહ્યો છે. રાત્રીના સમયે માર્ગો તેમજ આસપાસના વિસ્તારોની બિલ્ડીંગો પર ઝગમગતી રંગબેરંગી રોશની નિહાળવા પણ શહેર તેમજ આસપાસના વિસ્તારમાંથી નાગરીકો ઉમટી પડે છે. જેના લીધે રાત્રીના સમયે પણ શહેરના માર્ગો પર ટ્રાફિકનો ધમધમાટ યથાવત રહે છે. આજે સવારથી જ વિવિધ મુખ્ય માર્ગો પર મેગાસીટી જેવા ટ્રાફિક જોવા મળ્યો હતો. શહેર બહારના વાહનો પણ વિશેષ માત્રામાં દોડતા જોવા મળ્યા હતા. ગ્લોબલ ટ્રેડ શોનું આજે પ્રધાનમંત્રીના હસ્તે ઉદઘાટન થયા બાદ ટ્રેડ શો નિહાળવા માટે પણ આમ નાગરીકમાં ઉત્સુકતા વધી છે ત્યારે વાયબ્રન્ટ સમિટના પ્રારંભ પૂર્વે જ શહેરમાં ઠેર ઠેર વાહનોનો ખડકલો જોવા મળે છે. ટ્રાફિક તંત્ર માટે પણ ટ્રાફિક નિયમન અને ચક્કાજામ અટકાવાનું વધુ મુશ્કેલ બનતું જાય છે.




## ગાંધીનગર આખો દિવસ સાયરનોથી ગાજતુ રહ્યું

### વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને અન્ય મહાનુભાવોની સતત અવરજવરના કારણે પોલીસની સાયરનો સતત વાગતી રહી

ગાંધીનગર, તા.૯

વાયબ્રન્ટ સમિટ ૨૦૧૭ના પગલે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ગાંધીનગરની બે દિવસની મુલાકાતે આવ્યા છે. આજે ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમોના ઉદઘાટન સમારંભોમાં તેઓએ હાજરી આપતા તેમના કોન્વોયની સતત અવરજવર રહી હતી જેના કારણે સાયરનોથી ગાંધીનગરના માર્ગો સતત ગુંજતા રહ્યા હતા.

આવતીકાલથી વાયબ્રન્ટ સમિટ ૨૦૧૭નો પ્રારંભ થઈ રહ્યો છે જેમાં ભાગ લેવા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી ગાંધીનગર આવ્યા છે. વાયબ્રન્ટ સમિટનો પ્રારંભ કરે તે પહેલાં આજે તેઓએ ગાંધીનગર અમદાવાદમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી હતી. વડાપ્રધાનશ્રી અને અન્ય મહાનુભાવો બપોરથી છેક મોડી રાત સુધી વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેવા પહોંચ્યા હતા જેના કારણે તેમના કોન્વોયની સાયરનો સતત વાગતી રહી હતી. વાયબ્રન્ટ સમિટમાં ભાગ લેવા માટે કેન્દ્રીય મંત્રીઓ, સંસદસભ્યો, દેશ વિદેશના પ્રધાનો-પ્રતિનિધિઓ અને અન્ય મહાનુભાવો ગાંધીનગર પધાર્યા છે. તેમના એસ્કોર્ટમાં રોકાયેલો પોલીસ કાફલો પણ સતત અહીંથી ત્યાં ફર્યો હતો જેના કારણે સાયરનો સતત વાગતી રહી હતી. વીવીઆઈપી અને વીઆઈપીઓની સતત અવરજવરના કારણે ગાંધીનગરની સામાન્ય જનતાને મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. મોટા ભાગે ખુબ જ ઓછા ટ્રાફીક ધરાવતા ગાંધીનગરમાં છેલ્લા બે ત્રણ દિવસથી ટ્રાફીક જામના દ્રશ્યો સર્જાયા છે.

## ચ-૦ માર્ગ પર ઢોળાયેલી કપચી સિનિયર સિટીઝનોએ દુર કરી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના પ્રવેશ દ્વાર સમાન ચ-૦ સર્કલ પાસે સવારના સુમારે માર્ગ પર પસાર થઈ રહેલી ટ્રકમાંથી કપચી ઢોળાઈ હતી. આ કપચી અન્ય વાહનચાલકો માટે અડચણરૂપ બનતી હતી. ત્યારે શિયાળાની મૌસમમાં રોજ મોર્નીંગવોક અને યોગ માટે આવતા વી કેર ફાઉન્ડેશનના સિનિયર સિટીઝનોએ આ કપચી દુર કરી હતી અને માર્ગને ચોખ્ખો ચણક કરી દીધો હતો.

ગાંધીનગરમાં વાયબ્રન્ટ સમિટને પગલે શહેર વાયબ્રન્ટ બની જવા પામ્યું છે. શહેરમાંથી કચરાના ઢગ તેમજ ગંદકીને હટાવી દેવામાં આવી છે. સફાઈને અનુલક્ષી તંત્રના કર્મચારીઓ રાત-દિવસ કામ કરીને પસીનો વહાવી રહ્યા છે. નગરના માર્ગો પર સતત સફાઈ થઈ રહી છે ત્યારે શહેરના પ્રવેશદ્વાર સમાન ચ-૦ પાસે આજે કપચી ઢોળાઈ હતી. આ કપચીને પરિણામે માર્ગ પરથી પસાર થઈ રહેલા ફોર-વ્હીલર અને ટુ-વ્હીલર વાહનચાલકોને ભારે પરેશાની વેઠવાનો વારો આવ્યો હતો. કપચી ટાયરમાં ભરાઈને પ્રેશરથી ઉડતા અન્ય નાગરીકોને શરીરે વાગી પણ હતી અને વાહનોને પણ અથડાતી હતી. આ કપચીને લીધે તંત્રના અધિકારીઓ પણ હેરાન હતા. માર્ગ પર વેરણ-છેરણ બનેલી કપચી વાહનો માટે અડચણરૂપ બની રહી હતી. પ્રધાનમંત્રી આવવાના હોય અને માર્ગ પર પડી રહેલી કપચી કોન્વોયને પણ અડચણ બને તે પહેલા ગાંધીનગર શહેરના વી કેર ફાઉન્ડેશનના સિનિયર સિટીઝનોએ આ કપચી દુર કરીને માર્ગની સફાઈ કરી હતી. શિયાળાની સવારે સ્વાસ્થય માટે રોજ મોર્નીંગ વોક અને યોગ માટે આવતા ૨૦ થી વધુ સિનિયર સિટીઝનોએ આ ઉમદાકાર્ય કર્યું હતું. વડીલ નાગરીકોને માર્ગ પરથી કપચી હટાવતા જોઈને અન્ય સેવાભાવી નાગરીકો પણ આ સદકાર્યમાં જોડાયા હતા. ત્યારે વાયબ્રન્ટને પગલે નગર આગામી ત્રણ દિવસ સુધી ચોખ્ખુ ચણક રહેશે.

## શહેરના આકાશમાં કાપડના પતંગ પેચ લગાવશે

### પતંગ રસિયાઓને દસ ટકાનો ભાવ વધારો વેઠવાનો વારો આવશે

ગાંધીનગર, તા.૯

આકાશને રંગીન બનાવતા ઉતરાયણના પર્વમાં બજારમાં કાપડના પતંગની અવનવી વેરાયટી આકર્ષણનું કેન્દ્ર બની છે. આ વખતે કાગળ બનાવટની વિવિધ પતંગો વચ્ચે કાપડના વિશિષ્ટ પતંગો પણ આકાશમાં પેચ લગાવતા નજરે પડશે. જયારે ચાઈનીઝ દોરી અને ગુબ્બારાનું વેપારીઓએ સંપૂર્ણ બહિષ્કાર કર્યો હોવાથી ઉતરાયણના પર્વમાં ચાઈનીઝ બનાવટી આઈટમો જોવા મળશે નહી. જો કે પતંગ રસિયાઓને પતંગ દોરીના ભાવમાં ગત વર્ષની સાપેક્ષમાં દસ ટકાનો ભાવ વધારો વેઠવાનો વારો આવશે. જયારે બજારોમાં વિવિધ કાર્ટુન દોરેલા પતંગોએ બાળકોમાં અનેરું આકર્ષણ ઉભુ કર્યું છે.

ઉતરાયણ પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. શહેરનું આકાશ મકરસંક્રાતિ પર્વમાં આકાશ રંગબેરંગી પતંગોથી ભરાઈ જાય છે. પતંગ રસિયાઓ વિવિધ પતંગો વચ્ચે સવારથી સાંજ સુધી આકાશી યુદ્ધ ચલાવે છે. ત્યારે તંત્ર દ્વારા શહેરના મુખ્ય બજારોમાં પતંગ-દોરીના વેચાણ માટે સ્ટોલની ફાળવણી કરી દેવામાં આવી છે. સેકટર-૧૨,૨૨, ૨૪,૭ અને ૬ નો સમાવેશ થાય છે. નગરના બજારોમાં પતંગ દોરીના સ્ટોલમાં મોટાભાગે ખંભાત, નડીયાદ અને અમદાવાદમાં તૈયાર થયેલ પતંગનું વેચાણ કરવામાં આવે છે. આ વર્ષે બજારમાં કાગળના પતંગની સાથે ખાસ વિશેષ રીતે કાપડના પતંગ પણ આકાશમાં પેચ લગાવતા નજરે પડશે. આ કાપડના પતંગનો ભાવ રૂ.૨૦૦ થી રૂ.૫૦૦ સુધીનો છે. જયારે ચીલ પતંગનો ભાવ રૂ.૫૦ થી ૮૦ સુધીનો છે. જયારે બજારમાં ચાઈના દોરી કે ગુબ્બારાનો વેપારીઓએ બહિષ્કાર કર્યો છે. બજારમાં ગતવર્ષ કરતા પતંગ-દોરીમાં દસ ટકાનો ભાવ વધારો જોવા મળી રહ્યો છે. આ ભાવ વધારો પતંગ રસિયાઓને વેઠવાનો વારો આવશે. જયારે બાળકો માટે ખાસ વિશેષ કાર્ટુનના ચિત્રો દોરેલી પતંગો બાળકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. ઉપરાંત બાળકો માટે સ્પેશિયલ કીટ તૈયાર કરવામાં આવી છે જેમાં બ્યુગલ, દોરી-પતંગ, ચશ્માં સહિત માસ્કનો સમાવેશ થાય છે. આ કીટ બાળકોમાં હોટ ફેવરીટ હોવાથી વાલીઓ ખરીદી કરતા નજરે પડે છે.



## વૈષ્ણોદેવી સર્કલ નજીક પશુઓ ભરેલુ પીકઅપ ડાલુ પલ્ટી મારી ગયું

ગાંધીનગર-સરખેજ હાઈવે પર સવારના અરસામાં પશુઓ ખીચોખીચ ભરીને પસાર થઈ રહેલું પીક અપ ડાલુ અચાનક પલ્ટી મારી ગયુંહતું. પીકઅપ ડાલામાં ૧૪ પાડા અને ૨ પાડીઓ ખીચોખીચ ભરી હતી. વાહન પલ્ટી થઈ જતા એક પાડાનું સ્થળ પર જ મોત નિપજયું હતું. આ ઘટના અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

@ગાંધીનગર

● રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા આનંદનો ગરબો રામેશ્વર મંદિર, સે-૩-ડી ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● ભાવનાબેન ગોકલાણી દ્વારા આનંદનો ગરબો વૈજનાથ મહાદેવ મંદિર, સે-૨૧ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

## સાહિત્યસભામાંથી 'વિચાર યાત્રા'ની સર્જનયાત્રાની રસપ્રદ વાતોની માંડણી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિના અધ્યક્ષ સાથે રવિવારે માસિક બેઠક યોજાઈ હતી. 'સર્જકની કેફિયત' અંતર્ગત આ વખતે ગાંધીનગર સમાચારના કટાર લેખક ડૉ. જય ઓઝાને આમંત્રિત કરવામાં આવ્યા હતાં.

હાલમાં જ 'વિચાર યાત્રા' કોલમને સળંગ અગિયાર વર્ષથી સજાવતા ડૉ. જય ઓઝાના અંતરયાત્રા, ચિંતનયાત્રા, સંબંધયાત્રા, વિકાસયાત્રા અને જીવનયાત્રા જેવા પાંચ પુસ્તકોનું એક સાથે વિમોચન થયું હતું. ડૉ. જય ઓઝાનું



પુષ્પગુચ્છથી સભાના મંત્રી સંજય થોરાત જયારે પુસ્તકથી મંત્રી મૂળજીભાઈ પરમારે સ્વાગત કર્યું હતું. એમનો પરિચય ભરત કવિએ આપ્યો હતો.

ડૉ. જય ઓઝાએ એમના બા ના અવસાન બાદ લખેલા પત્રથી લેખનની શરૂઆત અને ગાંધીનગર સમાચારમાં નિયમીત થયેલી કોલમની દિલથી વાતો કરી હતી. એમની કોલમના વાચકો સચિવાલય બસ સ્ટેન્ડે ઉભા રહી મંગળવારે સાંજે ચર્ચા કરે એવા અનુભવ રોમાંચીત કરતા રહ્યાં છે.

સમાજમાં અરસ પરસ બનતી ઘટનામાંથી ચિંતનાત્મક શોધી ચચરાટ પામે એવું લખવાની, સીધી-સ્પષ્ટ વાતને કારણે એમનો વિશિષ્ઠ ચાહક વર્ગ ઉભો થયો છે. સૌથી યુવા વયના આ સાહિત્યકારને બિરદાવતા ગાંધીનગર સાહિત્ય સભા પણ રોમાંચીત હતી. જય ઓઝાની 'વિચાર યાત્રા' અવિરત ચાલતી રહે એવી શુભેચ્છા ઉપસ્થિત સૌ સાહિત્યકારોએ આપી હતી.



શિયાળાની સીઝનમાં વિવિધ પ્રકારના ખટ-મીઠા સ્વાદિષ્ટ પૌષ્ટિક ફળોનું બજારમાં આગમન થાય છે ત્યારે ચિલોડામાં આકર્ષણસમા લાલ ચટાક ચણી બોર, દેશી બોર, કલમી બોર, સહિત વિવિધ પ્રકારના બોરનું પાથરણાવાળા-લારીવાળા દ્વારા ઢગલાબંધ ખરીદ-વેચાણ હરહંમેશ સીઝનેબલ ગ્રાહકો-વપારીઓ દ્વારા થતું હોય છે. કચ્છના પ્રસિધ્ધ જામફળ આકારના લીલાછમ એપલબોર બજારમાં આવતા બોર રસિયા ખરીદીમાં મહત્વ આપી રહ્યા છે. ચિલોડા બજારમાં સસ્તુ શિયાળુ શાકભાજીની સાથે ફળો જેવા કે જામફળ, કીવી, સફરજન, દાડમ, ચીકુ, પપૈયું, કેળા વગેરે સ્વાદિષ્ટ ફળોના સ્ટોલોનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.

## ફેકલ્ટી ઓફ એજયુકેશનમાં નેશનલ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૯

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશન સેકટર-૨૩માં તા. ૭મી જાન્યુઆરી ૨૦૧૭ના રોજ પ્રો. વીણાબેન પટેલના ડાયરેકટર પદ હેઠળ 'ઈનોવેશન ઈન હાયર એજયુકેશન' વિષય પર નેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સદર સેમિનારનો આરંભ શ્રી બ્રહ્માણી કૃપા હોલ ખાતે પ્રાર્થના અને દીપ પ્રાગટય દ્વારા કરવામાં આવ્યો હતો.



સમારંભના આરંભે સેમિનારના કન્વીનર ડૉ. સજંયભાઈ ગુપ્તાએ ઉપસ્થિત રહેલા મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત કરી સંસ્થાનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રેસીડેન્ટ ડૉ. કનુભાઈ પટેલ, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડાયરેકટર ડૉ. ડી.ટી. કાપડિયા વિગેરેએ પ્રસંગને અનુરૂપ પ્રવચન આપ્યું હતું. સમારંભમાં એનઆઈટીટીઆર અમદાવાદથી ઉપસ્થિત રહેલા પ્રો. શશીકાન્ત ગુપ્તાએ કી નોટ અડ્રેસ દરમિયાન ઈનોવેશન દ્વારા હાયર એજયુકેશનમાં નાવીન્ય સભર પરિવર્તન કેવી રીતે લાવી શકાય તેની માહિતી આપી હતી.

ત્યાર બાદ ગુજરાત અને અન્ય રાજયોમાંથી સેમિનારમાં પેપર પ્રેઝન્ટેશન કરવા માટે આવેલ અધ્યાપકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ 'ઈનોવેશન ઈન હાયર એજયુકેશન'માં વિવિધ વિષયો ઉપર ગુણવત્તાયુકત પેપર પ્રેઝન્ટ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. શ્રી મતંગભાઈ ગોસ્વામીએ અનોખી રીતે કર્યું હતું.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીને કરાટેમાં બ્રોન્ઝ મેડલ

ગાંધીનગર, તા.૯

તા. ૮-૧-૨૦૧૭ના રોજ કરાટે ડો ફેડરેશન-ગુજરાત દ્વારા વડોદરામાં આવેલ સમા ઈન્ડોર સ્ટેડિયમ ખાતે ગુજરાત સ્ટેટ કરાટે ચેમ્પીયન શીપ ૨૦૧૭નું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થી હર્ષ અનિલભાઈ શાહે ૬૧ કિ.ગ્રા. વજન ગ્રુપમાં તૃતીય નંબર મેળવી બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. શાળા પરીવારે તેને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે.

## હાઈરાઈઝ બિલ્ડીંગો પરથી નાગરીકોએ એર શો ની મોજ માણી



ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના આકાશમાં આજે સવારના સુમારે યુધ્ધ વિમાન સુખોઈ અને ચાર હોક એરક્રાફટોએ અડધો કલાક સુધી અવનવા એરોબિક કરતબો રજુ કર્યા હતા. આકાશમાં વિમાનોના કરતબો જોવા નાગરીકો મોટી સંખ્યામાં સેન્ટ્રલવિસ્ટા ગાર્ડનમાં ઉમટી પડ્યા હતા. જયારે કેટલાક નાગરીકોએ શહેરની ઉંચી ઈમારતોના ધાબા પરથી સુંદર રીતે આ આકાશી નજારાની મોજ માણી હતી. દિલધડક કરતબો જોઈ નાગરીકો પણ આશ્ચર્ય પામી ગયા હતા.

વાયબ્રન્ટ સમિટ -૨૦૧૭ના પ્રારંભમાં વાયુસેના દ્વારા એર શો નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય વાયુસેનાના યુધ્ધ વિમાન સુખોઈ દ્વારા ત્રીસ હજાર ફુટની ઉંચાઈથી લુપ-ટ્રમ્બલ યો, સ્લાઈડ, દિલધડક રીતે રજુ કર્યા હતા. જયારે ૪ હોક એરકાફટ દ્વારા વિવિધ પ્રયોગો કર્યા હતા. ઉપરાંત હેલીકોપ્ટરમાંથી અધધ ઉંચાઈ પરથી પેરાશુટ દ્વારા ત્રિરંગા અને વાયુસેનાના ધ્વજ સાથે તબક્કાવાર નીચે ઉતરાણ કર્યું હતું. ગાંધીનગર શહેરના આકાશમાં વાયુસેના દ્વારા કરવામાં આવેલા એરોબિક કરતબો નજીકથી નિહાળવા માટે નાગરીકો સચિવાલય, ઉદ્યોગભવન, સુમનટાવર, મેઘમલ્હાર, બેંક ઓફ બરોડા , કલેકટર કચેરી, ઘ-૪થી ઘ-૫ સુધીની તમામ ઈમારત સહિત કૃષીભવન અને સેકટરોના ધાબા પર પહોંચી ગયા હતા. આ નજારો જોવા માટે સુર્યકિરણ આડશ બનતા કેટલાક નાગરીકો ચશ્મા તેમજ દુરબનીનો સહારો લીધો હતો. એર શો જોવા માટે સવારથી જ નાગરીકો મોટી ઈમારતના ધાબા પર અને તેમજ સેકટોરમાં આવેલ ખાનગી રહેણાંકના ધાબા પણ હાઉસફુલ થઈ ગયા હતા. વાયબ્રન્ટને પગલે નાગરીકોને બે વાર આકાશી નજારો જોવા મળતા આનંદિત થઈ ઉઠ્યા હતા.

## ધોળાકુવા રક્ષા શકિત સર્કલે શ્રમજીવી બાળકનો કચરીયાનું વિતરણ

ગાંધીનગર, તા.૯

ધોળાકુવા રક્ષા શકિત સર્કલ પાસે ટેન્ટ એસ.ટી.પી. વર્ગના શ્રમજીવી બાળકો અને વાલીઓને વૃંદાવન સોસાયટી નિવાસના શ્રીમતી આશાબેન કે. જાડેજા, મીનાબેન પટેલ તરફથી કચરીયાનું વિતરણ કરાયું હતું. દાતાશ્રી સે-૬ના રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શ્રીમતી ઈન્દુબેન એન. નિમાવત, શ્રીમતી શકુંતલાબેન ચૌધરી, કુસુમબેન ચંદ્રકાંત બ્રહ્મભટ્ટ વગેરે દાતાશ્રીઓએ ઉત્તરાયણ પર્વ નિમિત્તે મમરાના લાડુ, રાજગરાના લાડુ, સરગાસણના કૃષ્ણ ગોપાલભાઈએ બાળકોને સ્લેટ પેન આપી પ્રોત્સાહિત કર્યા હતા તેમજ મેહુલભાઈ પટેલે બાળકોને નાસ્તો આપ્યો હતો તેમ બાલમિત્ર પ્રફુલ્લાબેન બાબુબાલ ભાવસારે જણાવેલ છે.

### ચિરવિદાય

● સ્વ. કાળાજી મોતીજી ઠાકોર, ઉ.વ. ૭૦

● સ્વ. નિર્મલા ધોજબહાદુર રાજપૂત, ઉ.વ. ૨૩